# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-03-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પશ્ચિમ એશિયામાં ચાલી રહેલ સંઘર્ષનો સંવાદ અને રાજદ્વારીથી ઉકેલ લાવવા આહ્વાન :

ભારતે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષનું સમાધાન સંવાદ અને રાજદ્વારીથી કરવાના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, ભારત આ સંઘર્ષને ઝડપથી સમાપ્ત કરવાના પક્ષમાં છે. તેમણે દુર્ભાગ્યથી જીવ ગુમાવનારા લોકો પ્રત્યે ઉંડો શોક પણ વ્યક્ત કર્યો.

પ્રવક્તાએ કહ્યું, અખાતી ક્ષેત્રમાં અંદાજે એક કરોડ ભારતીય નાગરિક છે અને તેમની સલામતી તથા સુખાકારી તેમની ટોચની પ્રાથમિકતા છે. શ્રી જયસ્વાલે કહ્યું, આ સંઘર્ષ હાલના દિવસોમાં તીવ્ર થઈ અન્ય દેશમાં પણ ફેલાયો છે.

--------------------------------------------------------------------------------------------

## પી.એમ. : કુવૈતના પ્રિન્સ સાથે ટેલીફોનીક વાતચીત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ સબાહ અલ-ખાલિદ અલ-હમદ અલ મુબારક અલ-સબાહ સાથે ટેલિફોન પર વાતચીત કરી. શ્રી મોદીએ કુવૈતના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના ઉલ્લંઘનની ટીકા કરી. તેમણે કહ્યું, ભારત આમુશ્કેલ સમયમાં કુવૈતના લોકો સાથે છે.

શ્રી મોદીએ પ્રાદેશિક શાન્તિ અને સ્થિરતાને જાળવા રાખવામાં સંવાદ અને વ્યૂહરચનાના મહત્વ પર ભાર આપ્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કુવૈતમાં ભારતીય સમુદાયની સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવા કુવૈતના નેતૃત્વના સમર્થનની પ્રશંસા કરી.

---

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી – ખાડી દેશોમાં ફસાયેલા મુસાફરોને પરત લાવવા સરકાર કટિબદ્ધ :

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, સરકાર ખાડી દેશોમાં ફસાયેલા મુસાફરોને સુરક્ષિત પરત લાવવા કટિબદ્ધ છે. ખેડા જિલ્લાના ડાકોરમાં રણછોડરાયજી મંદિરની મુલાકાત દરમિયાન શ્રી સંઘવીએ જણાવ્યું,કે ખાડી દેશોમાં ફસાયેલા ગુજરાત સહિત ભારતીય મુસાફરોને લઈને પ્રથમ ફ્લાઇટ નવી દિલ્હી પહોંચી ગઈ છે.

બીજી તરફ ખાડી દેશોમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે અમદાવાદ હવાઈ મથકે આવતી 7 અને જતી 13 એમ કુલ 20 જેટલી ફ્લાઇટ રદ કરવામાં આવી છે. આ રદ કરાયેલી તમામ ફ્લાઇટ ખાડી દેશોની છે.

---

## ઉર્જાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરાઈ :

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને વૈશ્વિક ઉર્જા ક્ષેત્રે થઈ રહેલા પરિવર્તન વચ્ચે સરકારે ઉર્જા સ્ત્રોતમાં વિવિધતા લાવીને ભારત માટે ઉર્જાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જણાવ્યું, ભારત વૈશ્વિક સ્તરે પેટ્રોલિયમ વસ્તુઓનો ત્રીજો સૌથી મોટો આયાતકાર, ચોથો સૌથી મોટો શુદ્ધિકરણ કરનારો અને પાંચમો સૌથી મોટો નિકાસકાર છે. દેશ પાસે વર્તમાન સ્થિતિને પહોંચી વળવા પૂરતો ઉર્જા પૂરવઠો છે.

---

## 'બેટી બચાવો, બેટી પઢાવો' તાલીમ :

જિલ્લામાં કિશોરીઓના સર્વાંગી ઉત્થાન, સામાજિક નેતૃત્વ અને સ્થાનિક સ્વરાજ્યની પ્રક્રિયામાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાના હેતુ સાથે કચ્છ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો'; યોજના અંતર્ગત, ભુજ ખાતે ગત ૨૫ થી ૨૭ ફેબ્રુઆરી, દરમ્યાન 'બાલિકા પંચાયત' વિષય પર ત્રણ દિવસીય માસ્ટર ટ્રેનર્સ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં જિલ્લાના ૫૪ જેટલા આઈ.સી.ડી.એસ વિભાગના મુખ્ય સેવિકા બહેનો અને આરોગ્ય વિભાગના ૩૦ જેટલા ફિમેલ હેલ્થ વર્કર બહેનો એ માસ્ટર ટ્રેનર તરીકે સઘન તાલીમ મેળવી હતી.

-----------------------------------------------------------------------------------------

## અંજાર ખાતે ઇશાકચંદ્રના લગ્નોત્સવની ઉજવણી :

ઐતિહાસિક શહેર અંજાર ખાતે 200 વર્ષથી વધુના સમયથી ચાલી આવતી હોળી-ધુળેટીનાં પર્વ નિમિત્તે શહેરના પનોતા પુત્ર ઇશાકચંદ્રના લગ્નોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. હોળાષ્ટકના પ્રારંભે વિધિવત રીતે માણેકસ્થંભની સ્થાપના બાદ આ તહેવારની ઉજવણી કરાય છે. શહેરના વિવિધ રસ્તાઓ પર આસોપાલવ અને શાકભાજીના તોરણ બાંધવામાં આવે છે. લગ્ને - લગ્ને કુંવારા ઇશાકચંદ્રના આ લગ્નોત્સવમાં ભાગ લેવા શહેરના લોકો તેમજ બહારગામ વસતા લોકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા.

-----------------------------------------------------------------------------------------

## ધૂળેટી પર્વ :

રંગ અને ગુલાલનાં ધૂળેટી પર્વ ની આજે ઉમેંગ ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે હોલિકા દહન પછી ગઈ કાલે ચંદ્રગ્રહણ ને કારણે એક દિવસ ના વિરામ પછી આજે સવારથી જ લોકો રંગ ગુલાલ પર્વ ઉજવવાનીકળી પડશે જાહેર માર્ગો પર અને ઘરે જઈ લોકો એકબીજા પર રંગ છાંટી પર્વ ઉજવશે કેમિકલ રંગ થી દૂર રહી લોકો ને રંગ છાંટવા અપીલ કરાઈ છે દરમ્યાન

ગઈ કાલે ગ્રહણ વચ્ચે દ્વારકા ડાકોર સહિત ઘણાં કૃષ્ણ મંદિરો માં ફૂલ ડોલ ઉત્સવ ઉજવાયો હતો

---

## જીલ્લાનું ગૌરવ :

મધ્યપ્રદેશના ઇન્દોર ખાતે યોજાયેલી પેરા ટેબલ ટેનિસ નેશનલચેમ્પિયનશિપમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતી કચ્છની દિવ્યાંગ ખેલાડી સરલા સોલંકીએએક સાથે ત્રણ અલગ-અલગ હરીફાઈમાં 3 બ્રોન્ઝ મેડલ જીતી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

---

## ટી 20 વિશ્વ કપ :

આઈ સી સી પુરુષ ટી 20 વિશ્વ કપ ના સેમી ફાઇનલ મુકાબલા નો આજ થી આરંભ થાય છે આજે દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ ની ટીમો વચ્ચે કોલકતા ના ઈડન ગાર્ડન પર પ્રથમ મુકાબલો થશે મેચ નો આરંભ સાંજે સાત વાગ્યે થશે આવતીકાલે ગુરુવારે ભારત અને ઈંગ્લેન્ડ ની ટીમો નો મુકાબલો મુંબઈ ના વાનખેડે સ્ટેડિયમ પર થશે

---

## હવામાન :

આગામી 48 કલાક દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

---